


ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટની બે વિદ્યાર્થિનીઓએ ગુજરાત સરકારના રાજ્ય પ્રજાસત્તાક મહોત્સવમાં ઍનઍસઍસ પ્લાટુન તરીકે ભાગ લીધો હતો અને સમગ્ર ગુજરાતમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

શિવાની પટેલ અને રિદ્ધિ ગઢવી આ બંને સ્વયંસેવકોએ પ્રિઆરડીસી કૅમ્પમાં પણ ભાગ લીધો હતો. સિદ્ધિ પ્રાપ્ત કરનારી બંને વિદ્યાર્થિનીઓને આ સિદ્ધિ બદલ ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી, આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ સમગ્ર કૉલેજ પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર, તા. ૪

બાળકોને બ્લુ રંગ અંગે જ્ઞાન મળી શકે તે હેતુથી વેદ ગૃપ સંચાલિત આરાધના વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ સ્કૂલ ખાતે 'બ્લુ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પણ બ્લૂ કલરના પોષાકમાં સજ્જ થઈને શાળામાં આવ્યા હતા. બાળકોને આ પ્રસંગે વિવિધ ક્રાફ્ટિંગ ઍક્ટિવિટી પણ કરાવવામાં આવી હતી. ભૂલકાઓ વિવિધ પ્રકારના બ્લુ ખાન-પાન લઈને આવ્યા હતા અને તેમણે આ પ્રસંગે 'પાણી બચાવો'નો સંદેશ પણ આપ્યો હતો.



બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી દ્વારા અમન્તા હેલ્થકેર, ખેડા મુકામે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝીટમાં ફાર્મસીના ૬૨ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ એલવીપી અને એસવીપીના મેન્યુફેક્ચરિંગને નજીકથી નિહાળી તે અંગે ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરી હતી. આ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું સફળતાપૂર્વક આયોજન ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેશ ગોલવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના ફેકલ્ટી ડૉ. રાજેશ પટેલ અને ડૉ. સંદીપ ધોળકિયાએ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટમાં ભાગ લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજની પ્રેરણાથી ગોધરા, જાફરાબાદ ખાતેના સંસ્કારતીર્થ સંકુલમાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સ્વામીજીએ પોતાના હસ્તે આ સુકાર્યનો આરંભ કરાવ્યો હતો.

## ડાયરેક્ટ ❤ સે

બધા જ પ્રકારની
તકલીફ માટે
એક જ
રામબાણ ઈલાજ છે
મનગમતી
વ્યક્તિ સાથે વાત કરો

## જન્મદિને વધામણી



કુશાંગ શાહ



જય પી. પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગણપત યુનિવર્સિટી ખાતે સ્ટુડન્ટ રિસર્ચ કન્વેન્શન



ગાંધીનગર, તા. ૪

ગણપત યુનિવર્સિટીના આંગણે તાજેતરમાં શોધ નામના રિસર્ચ કન્વેન્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉચ્ચ શિક્ષણ લઈ રહેલા વિદ્યાર્થીઓમાં અભ્યાસ-સંશોધનનો ગુણ ખીલે અને પ્રતિભાશાળી યુવાનોને આવા સંશોધન-સંમેલનો દ્વારા પારખી-ચૂંટી એમને વિશેષ અભ્યાસ-સંશોધન માટે પ્રોત્સાહિત કરી શકાય એવા ઉદાત હેતુસર કેન્દ્ર સરકારની શૈક્ષણિક સંસ્થા એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝના રિસર્ચ ડિવિઝનના સહયોગથી યુનિવર્સિટી કક્ષાએ આવા શોધ સંમેલનોનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. આ ઈવેન્ટમાંથી ચૂંટેલા પાંચ શ્રેષ્ઠ સંશોધન પ્રોજેક્ટ્સને આગળ અન્વેષણ નામના વિદ્યાર્થી સંશોધનમાં મોકલવામાં આવે છે અને તેમાંથી પસંદ થતા શ્રેષ્ઠ સંશોધન-પ્રોજેક્ટ્વાળા વિદ્યાર્થીઓ એઆઈયુ દ્વારા યોજાતા રાષ્ટ્ર કક્ષાના શોધ સંમેલનમાં ભાગ લેવાની તક મેળવે છે.

આ કન્વેન્શમાં એગ્રિકલ્ચર, બેઝિક સાયન્સ, એન્જિનીયરિંગ એન્ડ ટેકનોલોજી, હેલ્થ એન્ડ એપ્લાઈડ સાયન્સિઝ, ફાર્મસી અને ન્યુટ્રીશિયન તથા સોશિયલ સાયન્સ, હ્યુમેનિટીઝ, કોમર્સ, લૉ વિષયના પ્રૉજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા. ૧૬ વિદ્યાશાખાના ૧૮૨ જેટલા વિદ્યાર્થીઓએ આ કન્વેન્શનમાં ભાગ લીધો હતો.

# ડીઍલઍડ રમતોત્સવમાં અડાલજ કૉલેજ ઝળકી



જીસીઈઆરટી ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભરૂચ આયોજિત ડીએલએડ પ્રશિક્ષણાર્થી-અધાયપકોના રાજ્ય કક્ષાના રમતોત્સવમાં ડીએડ કોલેજ અડાલજની પ્રશિક્ષણાર્થી બહેનોએ સમગ્ર રાજ્યમાં રસ્સા ખેંચ સ્પર્ધામાં ચેમ્પિયન બની ટ્રોફી અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ખો-ખોની સ્પર્ધામાં રનર્સ અપ રહી ટ્રોફી અને સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતું.

વ્યક્તિગત રમતોમાં લાંબી કૂદમાં અરૂણાબેન ચામઠા અને યોગાસનમાં રંજનબેન કંડોરિયા ચેમ્પિયન બન્યાં હતાં. અધ્યાપકોની રમતમાં ભારતીબેન છત્રોલાએ ટેબલ ટેનિસમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ અને ચેમ્પિયન ટ્રોફી મેળવી હતી.

સંસ્થાનાં આચાર્ય સુરેખાબેન ચૌધરી, વ્યાયમ શિક્ષક જયાબેન વાળંદ, રીટાબેન ચૌધરી અને ભારતીબેન છત્રોલા સહિત સમગ્ર સંસ્થા પરિવાર, સંચાલક મંડળ અને ગ્રામજનોએ વિજેતા તાલીમાર્થી બહેનોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# નટવર હેડાઉનું પુરસ્કૃત પુસ્તક : પ્રકૃતિના પ્રહરી

મંદમંદ વહેતો પવન, વિહંગોનો કલરવ, ખીલતાં ને મહેકતાં રંગબેરંગી પુષ્પોની બિછાત, મંડરાતા મકરંદ, નાના નાના છોડવાઓ, ક્ષુપો, તૃણોની અવનવી વિવિધતાથી છવાયેલ હરિયાળા અને નાના-મોટાં તરુઓની શાખાઓ પર આશ્ચર્ય પમાડે તેવાં વિહંગોના નીડને નિહાળતાં હોય, ઘટાદાર વૃક્ષોની વચ્ચેથી આવતાં સૂર્યકિરણોથી ચમકતા અને વિલય પામતા ઓસ-બિંદુઓ ને નાજુક પર્ણો તથા પુષ્પો પર સાચાં મોતીની જેમ ચમકતાં જોવાં હોય, વિચરતાં હરણ, લપાતાં છુપાતાં સસલાં, શાહુડી, ઘો, કાચીંડા અને આમતેમ દોડતી ખિસકોલી, કૂદતાં કપિવૃંદ અને સરકતાસર્પો સાથે નિસર્ગનું સાંનિધ્ય પામવું હોય, શહેરની નજીકના નિસર્ગની ભવ્ય વિરાસત સાચવી બેઠેલા પ્રકૃતિના પ્રહરીઓ વિશે જાણવા, માણવા અને અનુભવવાની ઈચ્છા હોય તો વનવિહારીની સંવેદનાત્મક કલમે આલેખાયેલા નિબંધોનું પુસ્તક તમને ખૂબ જ નજીક લઈ જઈ આત્મસાત કરાવવા સક્ષમ છે.




આ પુસ્તક એટલે 'પ્રકૃતિના પ્રહરીઓ', જેના લેખક નટવર હેડાઉ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વન અધિકારી તરીકે સેવાઓ આપી ચૂક્યા હોવાથી એના પ્રારંભથી અત્યાર સુધીની વિકાસગાથા વિશ્વસનીય રીતે આલેખે છે. જેને તાજેતરમાં જ કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન ગોધરા દ્વારા 'ડૉ. ભોળાભાઈ પટેલ' શ્રેષ્ઠ નિબંધ સંગ્રહનો ઍવોર્ડ મળી ચૂક્યો છે અને તા. ૨૯મી જાન્યુઆરીના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો શ્રેષ્ઠ નિબંધ/પ્રવાસના પુસ્તકનું પ્રથમ પારિતોષિક એનાયત થયું છે. ત્યારે આ પુસ્તક વિશે જાણવું રસપ્રદ રહેશે.

આ પુસ્તકમાંથી પસાર થતાં કુલ ૩૫ જેટલા નિબંધોમાં આખી વાત આલેખાયેલી મળે છે.

'પ્રકૃતિના પ્રહરી' એવાં એ બધાં તત્ત્વોની સાથે ક્રમિક વિસ્તરતો એ નૈસર્ગિક ભૂભાગ ઋતુએ ઋતુએ અવનવાં રૂપો ધરી મહોરતો, મુરઝાતો, વીખરાતો, કુદરત અને માનવસર્જિત અને સંકટોનો સામનો કરતાં-કરતાં કીલતો, કલરવતો, વિસ્તરતો રહ્યો છે તેની વાત લેખકે માંડીને કરી છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન નામે ઓળખાય છે તે માનવસર્જિત જંગલ વિસ્તાર હોવા છતાં કઈ રીતે નૈસર્ગિક વાતાવરણ જાળવીને વિસ્તર્યો છે તેમાં વન-તંત્ર, પ્રકૃતિ મંડળ, નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમના અનેક મહાનુભાવોના અનુભવો, જ્ઞાન અને પ્રયત્નોને કારણે જે અદ્ભૂત નૈસર્ગિક સૃષ્ટિ રચાઈ છે તેની વિગતે વાત લેખકે કરી છે. જે કાળક્રમે પ્રકૃતિ શિક્ષણ અને સંશોધન માટે બહુહેતુલક્ષી કેન્દ્ર રૂપે કઈ રીતે વિકાસ પામ્યો તેની વાત નિજી સંવેદના સાથે લેખક કરે છે ત્યારે ઈકો-ટુરિઝમનો ખ્યાલ ભળતાં મુલાકાતે આવતા લાખો પ્રવાસીઓને ધ્યાનમાં લઈ માનવ સુવિધાઓ અને લોકરંજનનું તત્ત્વ ઉમેરાતાં સિમેન્ટ-કૉંક્રિટના માર્ગો, વન્ય જીવોને અડચણરૂપ લોખંડના જાળી-જાળાઓ અને પાકી ઈમારતો ઊભી થતાં લેખકનું સંવેદનશીલ હૃદય ખિન્નતા અનુભવે છે, તે પણ આપણને અનુભવાય છે. પરંતુ અનેક રસપ્રદ કિસ્સાઓને લેખકે પોતાની આગવી શૈલીમાં આલેખ્યા છે. જેમ કે -

ડાલામથ્થો વનરાજ એકાએક પિંજરની બહાર ટહેલતો દેખાય ત્યારે... વરસતા વરસાદમાં હાથી મદમાં આવી બહાર નીકળી ગયો છે તેજાણી પાટનગરનું આખું તંત્ર દોડતું થઈ જાય ત્યારે... જંગલનો ખુંખાર દિપડો સાબરમતી નદીના કોતરોમાં ફરતો દેખાય ત્યારે જોનારની કેવી હાલત થાય! હૃદય ધબકારો ચૂકી જાય તેવી અનેક દિલધડક ઘટનાઓના લેખક સાક્ષી રહ્યા છે, જે સાચકલી વાતોને કલમ દ્વારા આલેખવાનો આ પુસ્તકમાં પ્રયત્ન કર્યો છે. ઝેરી, બિનઝેરી સર્પોનું નિદર્શન કે પક્ષીદર્શનની વાતો પણ પર્યાવરણ અને પ્રકૃતિ પ્રેમીઓને આશ્ચર્ય સાથે આનંદ પમાડે તેવી છે.

સમયનાં વહેણ પારખનારા પાસેથી આ ભૂમિનાં પૌરાણિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક અનેક પાસાઓની વિગતો પણ અનેક મહાનુભાવો અને અદના આદમીઓની સાથે થયેલ મુલાકાતોને લેખકે સંવાદદ્વારા આલેખી છે. વન્ય જીવોની વર્તણૂંકો, મુક્ત વિચરણ અને બંધનાવસ્થાનો ઝુરાપો પણ અહીં લેખકે જે અનુભવ્યો છે તેનું તાદશ્ય ચિત્ર મળે છે. તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરતાં રાની પશુઓએ સર્જેલ ભયનો માહોલ, તૃણાહારી અને પક્ષીઓની આંખમાં ક્યારેક લાચારી તો ક્યારેક અનુકૂલનતાનો ભાવ જોવા મળ્યો છે. તેમાં અસ્તિત્વ ટકાવી રાખવાની મથામણમાં પિંજરમાં પાછા ફરવાનું વલણ, તેમના જીવન સામે ઊભા થયેલા ખતરાઓનો એક યા બીજી રીતે ખ્યાલ આપે છે. આ બધી વાતો દિલધડક અને રોમાંચક લાગે છે. જે સામાન્ય વાચકે ક્યારેય જોઈ-સાંભળી હોતી નથી. તે લેખકની ચોટદાર કલમ દ્વારા પ્રત્યક્ષ થતી અનુભવાય છે.

'પ્રકૃતિના પ્રહરી' પુસ્તકનું આસ્વાદલક્ષી સુંદર મૂલ્યાંકન ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર આદરણીય શ્રી રઘુવીર ચૌધરી દ્વારા થતાં આ પુસ્તકનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. 'ગાંધીનગર સમાચાર' દૈનિકના પાને 'હરિયાળું હરણોદ્યાન' કૉલમમાં આલેખાયેલા આ નિબંધો વાચકના હૃદયને સ્પર્શી જાય છે, એટલું જ નહીં, પ્રકૃતિ પ્રેમથી તેને રસતરબોળ કરી દે છે, જે લેખકની કમાલ કહી શકાય.

વન્યજીવન, પર્યાવરણ અને પ્રકૃતિમાં રસ ધરાવતા સૌ ભાવકોને આ પુસ્તકમાંથી કંઈક પામ્યાનો સંતોષ જરૂરથી પ્રાપ્ત થશે તેવી શ્રદ્ધા સાથે પુસ્તકને આવકારું છું અને લેખકને અભિનંદન પાઠવું છું.

પ્રકૃતિના પ્રહરીઓ
(ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગરની સંવેદન કથાઓ)
લેખક : નટવર હેડાઉ
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭, કિંમત : રૂા. ૧૮૦/-
પૃષ્ઠ : ૧૦ + ૧૬૬)

# અમદાવાદ ખાતે ૯મીએ ઘર ઘરની જ્યોત કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૪

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૦ને રવિવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગોવર્ધનસ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નવલકથાકાર, નિબંધકાર, નવલિકાકાર, બાળસાહિત્ય લેખક, પત્રકાર વિનોદિની રમણભાઈ નીલકંઠના ૧૧૪મા જન્મદિન પ્રસંગે 'ઘર ઘરની જ્યોત' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાસંગિક વક્તવ્ય શ્રી સુકુમાર પરીખ આપશે.વિનોદિની નીલકંઠના જીવન વિશે રંજના પેંઢારકર, વિનોદિની નીલકંઠનું કથા-સાહિત્ય વિશે મીનલ દવે,નિબંધકાર વિનોદિની નીલકંઠ વિશે સંધ્યા ભટ્ટ અને વિનોદિની નીલકંઠનું બાળસાહિત્ય વિશે શ્રદ્ધા ત્રિવેદી વક્તવ્ય આપશે.

આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી. સૌ સાહિત્ય પ્રેમીઓ, સાહિત્ય રસિકોનો ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.